Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા આયોજિત

## Startup yatra (Startup Sensitization Program for All)

## તા. 05/10/2024, શનિવાર, બપોરે 12:00 કલાકે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી કિશોરસિંહ ચાવડા તેમજ કુલસચિવ શ્રી રમેશદાન ગઢવીની અધ્યક્ષતામાં **Startup yatra (Startup Sensitization Program for All)** નું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત VNSGU ઇનક્યુબેશન સેન્ટર (સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી, આઇડિયા એન્ડ ઇનોવેશન સેલ અને ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ) દ્વારા તારીખ 05/10/2024 ના રોજ યુનિવર્સિટીના ગ્રામીણ અભ્યાસ વિભાગ ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્ટાર્ટઅપ શું છે અને તેના માટે મળતી સરકારી સહાય વિશે વિધાર્થીઓને માહિતગાર કરવાનો હતો.

સદર પ્રોગ્રામની શરૂઆતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના SSIP સેલનાં સભ્યશ્રીઓનું ગ્રામીણ અભ્યાસ વિભાગનાં વડાશ્રી ડૉ. દિપક ભોંયે દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સદર પ્રોગ્રામમાં યુનિવર્સિટીના આસીસ્ટન્ટ મેનેજર સુશ્રી દેવાંશી સોલંકી દ્વારા સ્ટાર્ટઅપના ક્ષેત્રે આગળ આવવા SSIP શું ભૂમિકા ભજવે છે? અને SSIP ૨.૦ પોલોસી વિધાર્થીઓને કઈ રીતે મદદરૂપ થસે તેના વિશે માહિતી આપતા જણાવ્યું કે તમારી પાસે જો કોઈ નવીન વિચાર હોય તો તે વિચાર ને પ્રૂફ ઓફ કોન્સેપ્ટમાં ઉપાંતરીત કરવા 2.5 લાખ સુધીનું ફંડ SSIP ૨.૦ અંતર્ગત આપવામાં આવે છે. જે રકમ વિધાર્થીઓએ પાછી આપવાની રહેતી નથી. તેમજ વિદ્યાર્થીઓને IPR સુવિધાઓ જેમકે પેટન્ટ, કોપી રાઈટ્સ, ટ્રેડમાર્ક્સ, ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન અને સેમિકન્ડક્ટર ડિઝાઈન ફાઈલ જેવી બૌદ્ધિક સંપતિને જાણવી રાખવા માટે IP રજીસ્ટ્રેશન કરવા માટે પણ અલગ-અલગ ફિલ્ડ પ્રમાણે 75,000/- સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ ઉપરાંત વધુમાં દિવ્યેશ બારૈયા દ્વારા ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ ક્ષેત્રે આપવામાં આવતી અન્ય સહાય, જેમકે આઈ હબ, સુજન કેંદ્ર, સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ સ્કીમ વિશે માહિતી આપી.